# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 06-01-2026** **Evening : 7.10 to 7.20 PM**

**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રીટા દવે** વાંચે છે.

---

1) પીવાના પાણીની યોગ્યતા ચકાસણીના રિપોર્ટ્સ મેળવ્યા બાદ જ પાણી વિતરણ કરવા અધિકારીઓને મુખ્યમંત્રીની સૂચના

2) રાજ્યની પોલીસ છેલ્લા 10 મહિનામાં સોશિયલ મીડિયા દ્વારા એક હજાર 163 નાગરિકોની ફરિયાદોનો સુખદ નિકાલ કર્યો

3) શ્રેષ્ઠ પશુપાલક પુરસ્કાર યોજના હેઠળ જૂનાગઢના પશુપાલક અરજણ ઓડેદરા રાજ્ય કક્ષાએ પ્રથમ

4) રાજ્યમાં આગામી પાંચ દિવસ દરમિયાન તાપમાનમાં 2થી 3 ડિગ્રી સેલ્સિયસનો વધારો થવાની આગાહી

5) ક્રિકેટની વિજય હજારે ટ્રોફી એલિટમાં ગુજરાત, સૌરાષ્ટ્ર અને બરોડાનો વિજય

-------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# CM TYPHOID MEET

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરમાં ટાઈફોઈડના કારણે સર્જાયેલી સ્થિતિની સમીક્ષા માટે ઉચ્ચસ્તરીય બેઠક યોજી. બેઠક દરમિયાન શ્રી પટેલે દર્દીઓની સારવાર , રોગ નિયંત્રણ અને નિવારણ માટેના પગલાઓ વધુ સઘન બનાવવાના નિર્દેશ આપ્યાં.

તેમણે ગાંધીનગર સહિત રાજ્યના શહેરી ક્ષેત્રોમાં પીવાના પાણીના નમૂના દરરોજ લઈ તેની યોગ્યતા અને ક્લોરિનેશનના રિપોર્ટ્સ મેળવ્યા પછી જ પાણી વિતરણ કરવા સૂચના આપી. તેમણે વોટર ટેસ્ટીંગનો વ્યાપ વધારવા અને લીકેજીસ તાત્કાલિક ધોરણે અટકાવવાના પગલાઓ લેવા પણ તાકીદ કરી.

બેઠક દરમિયાન કેસોની સંખ્યામાં ઘટાડો થઈ રહ્યો હોવાની માહિતી ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા આપવામાં આવી. બેઠકમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી વિડીયો કોન્ફરન્સથી સહભાગી થયા હતા.

. . . . . .

# SANGHAVI ABVP

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું, ગુજરાત પોલીસ માદક પદાર્થના દૂષણ સામે અભિયાન નહીં, જંગ લડી રહી છે. આણંદના ત્રિભુવનદાસ પટેલ નગર ખાતે યોજાયેલા અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ- ABVP ગુજરાતના 57મા પ્રદેશ અધિવેશનમાં સંબોધન કરતાં શ્રી સંઘવીએ 2022થી અત્યાર સુધી 75 પાકિસ્તાનીને જેલમાં બંધ કરવામાં સફળતા પ્રાપ્ત કરનાર રાજ્યની પોલીસને અભિનંદન આપ્યા.

(બાઇટ : હર્ષ સંઘવી, નાયબ મુખ્યમંત્રી)

. . . . . . . . . . . . .

# GP SMASH

રાજ્યની પોલીસ છેલ્લા 10 મહિનામાં સોશિયલ મીડિયા દ્વારા એક હજાર 163 નાગરિકોની ફરિયાદોનો સુખદ નિકાલ કર્યો. પોલીસે પહેલી માર્ચ 2025ના રોજ સોશિયલ મીડિયા થકી નાગરિકોની રજૂઆતો અને ફરિયાદો સુખદ નિરાકરણ માટે વિશેષ પહેલ "ગુજરાત પોલીસ સોશિયલ મીડિયા દેખરેખ , વિશ્લેષણ અને પ્રણાલીગત નિયંત્રણ- GP-SMASH" શરૂ કરી હતી.

આ પહેલ થકી અત્યાર સુધીમાં ગુજરાત પોલીસને કાયદો અને વ્યવસ્થા ને લગતા 71, સાયબર ગુના ને લગતા 233, શરીર સંબંધી ગુના- 71, પોલીસ ગેરવર્તણૂક-30, પ્રોહીબેશન- 83, ટ્રાફિક-377, ચોરી/લૂંટ/ગુમ થવાના- 109, રેલવે-02 તેમજ અન્ય ફરિયાદો એક હજાર 150થી વધુ ફરિયાદોનો ગણતરીના સમયમાં સુખદ નિકાલ કરાયો છે.

. . . . . . . . .

# BOMB THREAT

રાજ્યની વિવિધ અદાલત અને સરકારી કચેરીઓને આજે બોમ્બથી ઉડાડવાની ધમકી અપાઈ હોવાના અહેવાલ મળ્યા. ગાંધીનગર કલેકટર કચેરીને મળેલી ધમકીને કારણે કચેરી ખાલી કરવામાં આવી. બીજી તરફ ભરૂચ અને રાજકોટ સેશન્સ અદાલતને પણ ધમકી મળતા પોલીસ દ્વારા સઘન તપાસ હાથ ધરાઇ હોવાનું રાજકોટ શહેર ACP બી.જે.ચૌધરીએ જણાવ્યું.

(બાઇટ : બી.જે.ચૌધરી, ACP)

. . . .

# PASHUPALAN AWARD

પશુપાલન રાજ્ય મંત્રી રમેશ કટારાની અધ્યક્ષતામાં ગાંધીનગર ખાતે “શ્રેષ્ઠ પશુપાલક પુરસ્કાર વિતરણ સમારોહ” યોજાયો .તેમાં રાજ્ય,જિલ્લા અને તાલુકા કક્ષાએ વિજેતા બનેલા 565 શ્રેષ્ઠ પશુપાલકોને કુલ 91 લાખથી વધુની પ્રોત્સાહક રાશિના ચેક અર્પણ કરાયા. સમારોહ દરમિયાન શ્રેષ્ઠ પશુપાલક પુરસ્કાર યોજના હેઠળ રાજ્ય કક્ષાએ પ્રથમ ક્રમ મેળવનાર જૂનાગઢના પશુપાલક અરજણ ઓડેદરા, બીજા ક્રમે સુરતના પશુપાલક ખંડુભાઈ પટેલ તથા ત્રીજા ક્રમે મોરબીના પશુપાલક પ્રવિણ પટેલને સન્માનિત કરાયા.

કાર્યક્રમ દરમિયાન રાજ્યમાં 7 કરોડ રૂપિયાથી વધુના ખર્ચે નવનિર્મિત પશુ દવાખાનાઓ-પ્રાથમિક પશુ સારવાર કેન્દ્રોનું ઈ -લોકાર્પણ અને રાજ્યમાં ગાભણ - વિયાણ થયેલા પશુઓ માટે દાણ ભરેલા વાહનોને લીલી ઝંડી અપાઈ.

. . . . .

# JAMNAGAR NCC

આગામી 26 જાન્યુઆરીએ નવી દિલ્હીના કર્તવ્ય પથ પર યોજાનાર પ્રજાસત્તાક દિનની રાષ્ટ્રીય પરેડ માટે જામનગરના યુવાનની પસંદગી કરવામાં આવી છે.

જામનગર ઔધોગિક તાલીમ સંસ્થા ITIના તાલીમાર્થી અને 27-ગુજરાત બટાલિયનના NCC કેડેટ સોમ બાંભવા આ પરેડમાં ભાગ લઈને સમગ્ર જિલ્લાને ગૌરવ અપાવશે. પરેડમાં સામેલ થવા ઉપરાંત , તેમને રાષ્ટ્રપતિ તથા પ્રધાનમંત્રી દ્વારા આયોજિત ખાસ ભોજન સમારંભ માટે પણ નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે. શારીરિક ક્ષમતાથી લઈને પરેડના તમામ પાસાઓમાં સોમે પોતાની શ્રેષ્ઠતા સાબિત કરી છે.

. . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.......................

# WATER SUPPLY

શહેરી વિકાસ વર્ષ 2025 દરમિયાન રાજ્યના શહેરી વિસ્તારોના જળ સંસાધનોમાં અંદાજે 92 MLDનો અને ટ્રાન્સમિશન સિસ્ટમ્સમાં 528 કિમીનો વધારો કરવામાં આવ્યો છે. આ ઉપરાંત રાજ્યના તમામ શહેરી વિસ્તારોમાં દૈનિક ધોરણે પાણી પુરવઠો પહોંચાડવા માટે ‘મિશન ડેઇલી વૉટર સપ્લાય ’ જેવી પહેલ અમલમાં મુકાઇ છે.

જે અંતર્ગત હાલ રાજ્યના 103 શહેરોમાં દૈનિક ધોરણે પાણી પુરવઠો પહોચાડવામાં આવી રહ્યો છે. બાકી રહેલા શહેરો પૈકી 30 શહેરોમાં પાણી પુરવઠાનાં કામો પ્રગતિ હેઠળ છે.

ઉલ્લેખનીય છે કે , વિશ્વકક્ષાના શહેરોના નિર્માણને વેગ આપવા માટે રાજ્ય સરકાર દ્વારા 2025નું વર્ષ ‘શહેરી વિકાસ વર્ષ ’ તરીકે જાહેર કરવામાં આવ્યું હતું , જેમાં શહેરી વિસ્તારોમાં માળખાગત સુવિધાઓના વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરાયું.

. . . . . .

# VB G-RAM-G REACTION

કેન્દ્ર સરકારના નવા વિકસિત ભારત ‘જી-રામજી’ કાયદાને દેશભરમાં આવકાર મળી રહ્યો છે. જૂની મનરેગા યોજનાની જગ્યાએ લવાયેલી આ નવી યોજના હેઠળ 100ને બદલે 125 દિવસની રોજગારી મળશે. આ અંગે નર્મદા જિલ્લાની વડીયા ગ્રામ પંચાયતના સરપંચ બિંદિયા વસાવાએ પ્રતિક્રિયા આપી.

(બાઇટ : બિંદિયા વસાવા, સરપંચ)

. . . . . . .

# ACCIDENT - BHARUCH

ભરૂચ જિલ્લામાં બે અલગ–અલગ માર્ગ અકસ્માતોમાં કુલ ત્રણ લોકોના મોત થયા છે. અંકલેશ્વરના મોતાલી પાટિયા પાસે રસ્તો ઓળંગવા માટે ઉભેલા દંપતી અને તેમના બે સંતાનોને પુરપાટ ઝડપે આવેલા ટેમ્પોએ અડફેટે લીધા હતાં.
આ અકસ્માતમાં પત્નીનું ઘટના સ્થળે મૃત્યુ થયું હતું, જ્યારે અન્ય ૩ ને તાત્કાલિક હોસ્પિટલ ખસેડાયા હતાં જેમાથી પતિનું સારવાર દરમ્યાન મૃત્યુ નીપજયું હતું.
જ્યારે બંને બાળકો સારવાર હેઠળ છે.

અન્ય એક અકસ્માતમાં ગડખોલ ટી બ્રિજ પરથી બાઈક લઈને પસાર થઈ રહેલા એક યુવાનને અજાણ્યા વાહને ટક્કર મારતા તેને હોસ્પિટલ ખસેડાયો હતો જ્યાં સારવાર દરમિયાન તેનું મૃત્યુ નીપજયું હતું.

. . . . .

# WEATHER

આગામી 24 કલાક રાજ્યના લઘુત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર નહીં થાય. જોકે ત્યારબાદ પાંચ દિવસ દરમિયાન તાપમાનમાં 2થી 3 ડિગ્રી સેલ્સિયસનો વધારો થઈ શકે છે. તાપમાનમાં વધારો થતાં ઠંડીનું પ્રમાણ થોડું ઘટશે અને લોકોને રાહત મળશે તેમ હવામાન વિભાગના નિયામક ડૉ.એ.કે.દાસે જણાવ્યું.

(બાઇટ : ડૉ.એ.કે.દાસ, નિયામક)

. . . . . . . .

# INTER CORPORATION CRICKET TOURNAMENT

ભાવનગરમાં આજે ઓલ ગુજરાત ઇન્ટર કોર્પોરેશન ક્રિકેટ ટુર્નામેન્ટનો કેન્દ્રીય રાજ્ય મંત્રી નિમુબેન બાંભણિયાએ ટોસ ઉછાળી પ્રારંભ કરાવ્યો.

ટુર્નામેન્ટની પ્રથમ મેચ યુનિવર્સિટી ગ્રાઉન્ડ ખાતે જામનગર અને બરોડા મેયર ઇલેવન વચ્ચે રમાઈ. આજથી શરૂ થયેલ આ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ભાવનગર સહિત રાજ્યની કુલ આઠ મહાનગરપાલિકાઓ ભાગ લેશે.આગામી ૮ જાન્યુઆરીએ સેમી ફાઈનલ અને ૯ જાન્યુઆરીએ ફાઈનલ મેચ રમાશે.

ટુર્નામેન્ટ માટે કેન્દ્રીય રમતગમત મંત્રી મનસુખ માંડવીયા તથા રાજ્યના કેબિનેટ મંત્રી જીતુ વાઘાણીએ તમામ ટીમને શુભેચ્છાઓ પાઠવી.

. . . . .

# VIJAY HAZARE TROPHY

ક્રિકેટની વિજય હજારે ટ્રોફી એલિટમાં આજે સર્વિસિસ સામે સૌરાષ્ટ્રનો 111 રને વિજય થયો છે. સૌરાષ્ટ્રની ટીમે પ્રથમ બેટિંગ કરતા નિર્ધારિત 50 ઓવરમાં 5 વિકેટે 349 રન કર્યા હતા. ટીમના કપ્તાન હાર્વિક દેસાઇએ શાનદાર સદી ફટકારતા 110 રન બનાવ્યા હતા. 350 રનના લક્ષ્યાંકનો પીછો કરતા સર્વિસિસની ટીમ 238 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી.

બીજી તરફ બેંગલુરુમાં રમાયેલી મેચમાં ગુજરાતે ઓડિશાને 233 રને હરાવ્યું. 334 રનના લક્ષ્યાંક સામે ઓડિશા માત્ર 100 રનમાં ઓલઆઉટ થયું. અન્ય એક મેચ બરોડા અને જમ્મુ કાશ્મીર વચ્ચે રમાઈ જેમાં બરોડાએ 76 રનથી જીત હાંસલ કરી.

....

# TALENT FESTIVAL -VALSAAD

વલસાડના પારડી ખાતે રાષ્ટ્રીય કક્ષાનો બે દિવસીય ટેલેન્ટ ફેસ્ટિવલ યોજાયો. જેમાં દેશના વિવિધ રાજ્યોમાંથી આવેલા ૩૦૦ થી વધુ કલાકારોએ મંચ પર વિવિધ કૃતિઓ રજૂ કરી.

ગરીબ અને મધ્યમ વર્ગના કલાકારોનું હુનર લોકો સમક્ષ બહાર લાવવા વલસાડના નવરંગ ગ્રૂપ દ્વારા દર વર્ષે ટેલેન્ટ ફેસ્ટીવલનું આયોજન કરવામાં આવે છે. કાર્યક્રમની 10મી આવૃત્તિમાં ગાયન , ચિત્રકામ , ફેશન શો , નૃત્ય વિગેરેની સ્પર્ધામાં વિવિધ રાજ્યો સહિત ગુજરાતનાં અમદાવાદ, મહેસાણા, બરોડા, મુંબઈ, જામનગર, કચ્છ સહિતના અનેક જિલ્લાના કલાકારોએ ભાગ લીધો હતો.

. . . . . . . . . . . . .